# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY



**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા રાજકોટ રેલ્વે ડિવીઝન DRUCC ની મળેલ મિટીંગમાં ઉપસ્થિત રહી રેલ્વેને લગતા વિવિધ પ્રશ્નો તથા સુચનો રજુ કરવામાં આવેલ...**

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા રાજકોટ વેસ્ટર્ન રેલ્વેની ડિવીઝનલ રેલ્વે યુઝર્સ કન્સલટેટી કમિટી (DRUCC) ની આજરોજ તા.૧૫-૧૨-૨૦૨૩ ના રોજ મળેલ મિટીંમાં ઉપસ્થિત રહી રાજકોટ-સૌરાષ્ટ્રના મુસાફરોને વધુ સારી રેલ્વે સુવિધા મળી રહે તે માટે રાજકોટ વેસ્ટર્ન રેલ્વે DRUCC સેક્રેટરી તથા સિનીયર ડિસીએમશ્રી સુનિલકુમાર મિના સાહેબને નીચે મુજબના વિવિધ પ્રશ્નો-સુચનો રજુ કરવામાં આવેલ.

(૧) રેલ્વે મંત્રાલય દ્વારા અમદાવાદથી ઉપડતી વિવિધ ૬ ટ્રેનો (1) Train No.19421/22 Ahmedabad- Patna Exp. (2) Train No.22967/68 Ahmedabad- Prayagraj Exp. (3) train no.19413/14 Ahmedabad - Kolkata Exp. (4) Train No.11049/50 Ahmedabad – Kolhapur Exp. (5) Train No.22137/38 Nagpur – Ahmedabad Exp. (6) Train No.12917/18 Ahmedabad-Hazrat Nizamuddin Gujarat Sampark Kranti Exp. ને રાજકોટ સુધી લંબાવવા માટે જાહેરાત કરવામાં આવેલ હતી. પરંતુ હજુ સુધી આ ટ્રેનોને રાજકોટ સુધી લંબાવવામાં આવેલ નથી. તેમજ રેલ્વેને આ બાબતે કોઈપણ જાતની નુકશાની ન થતી હોવાથી આ તમામ ૬ ટ્રેનોને રાજકોટ સુધી તાત્કાલીક લંબાવવી.

(૨) ટ્રેનનં.૧૨૨૬૭ મુંબઈ સેન્ટ્રેલ-હાપા વચ્ચે દોડતી દુરન્તો એકસપ્રેસને જામનગર સુધી લંબાવવી.

(૩) ટ્રેનનં.૨૨૯૨૬ જામનગર-અમદાવાદ વચ્ચે દોડતી વંદે ભારત એકસપ્રેસ ટ્રેનને ઉધના સુધી લંબાવવા રેલ્વે મંત્રાલય દ્વારા જાહેરાત કરવામાં આવેલ છે તો આ જાહેરાતનો વ્હેલીતકે અમલ કરી આ ટ્રેનને ઉધના સુધી લંબાવવી ખાસ જરૂરી છે.

(૪) રાજકોટ રેલ્વે સ્ટેશન ખાતે પ્લેટફોર્મ નંબર ૧ ઉપર જરૂરી વેઈટીંગ લોંજ - ઈન્ડીકેટર તથા જરૂરી તમામ સુવિધાઓ પુરી પાડવામાં આવેલ છે. પરંતુ પ્લેટફોર્મ નંબર ૪ અને ૫

ઉપર કોઈપણ પ્રકારની આવશ્યક સુવિધા પુરી પાડવામાં આવતી નથી. જેમ કે લીફટ, એસ્કેલેટર, કોચ ઈન્ડીકેટર, કેટરીગ સ્ટોલ, શેડ, ફુટ ઓવરબ્રીજ વગેરે. જગ્યાની સંકળાશ તથા એક જ સમયે આવક-જાવક થતી ટ્રેનોના સમય દરમ્યાન અત્યંત ટ્રાફિક તથા અસુવિધાઓ અને અસલામતી જોવા મળે છે. તેથી આ બન્ને પ્લેટફોર્મને વહેલામાં વહેલીતકે તમામ સુવિધા યુકત બનાવવા ખાસ જરૂરી છે. ખાસ કરીને ઓખા દેહરાદુન વચ્ચે દોડતી સપ્તાહીક ટ્રેન કે જેમાં મોટા ભાગે સિનીયર સીટીઝનો યાત્રાળુરૂપે હરિદ્વાર ખાતે વધારે મુસાફરી કરતા હોય છે ત્યારે આવા સિનિયર સિટીઝનોને કોઈપણ પ્રકારની સુવિધા ન મળવાથી અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

(૫) ટ્રેનનં.૨૨૯૪૯/૨૨૯૪૦ હાપા-બિલાસપુર વચ્ચે દોડતી સપ્તાહીક સુપરફાસ્ટ એકસપ્રેસ ટ્રેન મોટા ભાગે ખાલી જતી હોય છે. તેમજ મોટા ભાગે વૈષ્ણવ સંપ્રદાયના યાત્રાળુઓ પવિત્ર 'ચંમાપરણ' સ્થળ ખાતે મુસાફરી કરતા હોવાથી તમામ મુસાફરોના હિતને ધ્યાનમાં રાખી આ ટ્રેનને ઓખા સુધી લંબાવવી ખાસ જરૂરી છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.